રાહત-બચાવ માટે તાલુકા પ્રમાણે અધિકારીની નિમણૂક કરી દેવાઇ

અધિકારીઓ કામગીરીનું સંકલન કરશે, જરૂરિયાત પ્રમાણે તાત્કાલિક નિર્ણયો લેશે

સુરતઃ ભારે વરસાદની સ્થિતિમાં આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ હેઠળ સુરત ગ્રામ્યના દરેક તાલુકા માટે વર્ગ-1 કક્ષાના અધિકારીઓની વિશેષ નિમણૂક કરવામાં આવી છે, જે રાહત અને બચાવ કામગીરીનું સ્થળ પર રહીને સીધું માર્ગદર્શન અને સંકલન કરશે.

આ અધિકારીઓ આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, સુરત સાથે સતત સંપર્કમાં રહીને પોતાના ફાળવેલા તાલુકામાં વરસાદની સ્થિતિ, નીચાણવાળા વિસ્તારો, સંભવિત જોખમો, સ્થળાંતર, બચાવ અને રાહત કામગીરી પર સતત નજર રાખશે. જરૂરિયાત ઊભી થાય તો તાત્કાલિક નિર્ણય લઈ રાહત કામગીરીને વધુ અસરકારક બનાવવાની જવાબદારી પણ તેઓ નિભાવશે.આ તમામ અધિકારીઓ પોતાના તાલુકામાં સ્થાનિક મામલતદાર, પ્રાંત કચેરી, પોલીસ, આરોગ્ય વિભાગ, ગ્રામ પંચાયત અને અન્ય સંબંધિત વિભાગો સાથે સંકલન સાધીને સંભવિત કટોકટીની સ્થિતિમાં ઝડપી અને અસરકારક કાર્યવાહી સુનિશ્ચિત કરશે. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોની સુરક્ષા, જરૂર પડે ત્યાં સ્થળાંતર, આશ્રયસ્થાનોની વ્યવસ્થા, જરૂરી જીવનજરૂરિયાતોની ઉપલબ્ધતા તેમજ બચાવ દળો સાથે સતત સંપર્ક જાળવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

તાલુકાવાર નિયુક્ત ક્લાસ-1 અધિકારીઓ

તાલુકો	નિયુક્ત અધિકારી
ચોર્યાસી	નાયબ કલેક્ટર (સુડા) તૃપ્તિ પટેલ
ઓલપાડ	પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયા
બારડોલી	પ્રાંત અધિકારી જે. એન. પરમાર
મહુવા	સ્પીપાના નાયબ કલેક્ટર કૃતિકા એ. વસાવા
અંભિકા	જિલ્લા આયોજન અધિકારી શીતલ માંડવીયા
કામરેજ	પ્રાંત અધિકારી વી. કે. પીપળીયા
પલસાણા	નાયબ કલેક્ટર પલક ત્રિવેદી
માંડવી	માંગરોળના પ્રાંત અધિકારી કૌશિક જાદવ
અરેઠ	નાયબ કલેક્ટર (પ્રોટોકોલ) અંકિત પી. ગોહિલ
માંગરોળ	જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત) ગજેન્દ્ર એ. પટેલ
ઉમરપાડા	સહકારી મંડળીના નાયબ રજીસ્ટ્રાર હરેશ કાછડ

વરસાદને કારણે GPSC અને TAT-HS મોકૂફ

TAT-HS હવે 8 ઓગસ્ટે અને GPSC પ્રિલિમ્સ 9 ઓગસ્ટે યોજાશે, જૂની હોલ ટિકિટ માન્ય

અમદાવાદ, સુરત : રાજ્યમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખીને આવતીકાલે 1 ઓગસ્ટે યોજાનારી ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી)ની પ્રિલિમ પરીક્ષા તથા 2 ઓગસ્ટે યોજાનારી રાજ્ય પરીક્ષા બોર્ડની શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચતર માધ્યમિક) - 2026 (TAT-HS)ની ગુજરાતી માધ્યમની મુખ્ય પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. બંને પરીક્ષાઓની નવી તારીખો જાહેર કરવામાં આવી છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ TAT-HSની મુખ્ય પરીક્ષા હવે શનિવાર, 8 ઓગસ્ટ, 2026ના રોજ યોજાશે. ઉમેદવારોએ નવી હોલ ટિકિટ ડાઉનલોડ કરવાની જરૂર રહેશે નહીં. અગાઉ ડાઉનલોડ કરેલી હોલ ટિકિટ જ માન્ય ગણાશે અને પરીક્ષા કેન્દ્ર તેમજ સમય પણ અગાઉ મુજબ જ રહેશે.

બોર્ડે ઉમેદવારોને પરીક્ષા સંબંધિત તમામ અપડેટ અને માહિતી સત્તાવાર વેબસાઇટ www.sebexam.org મળી શકશે. બીજી તરફ, હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી) દ્વારા 1 ઓગસ્ટે યોજાનારી પ્રાથમિક પરીક્ષા પણ મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હવે આ પરીક્ષા રવિવાર, 9 ઓગસ્ટ, 2026ના રોજ સવારે 11થી બપોરે 12 વાગ્યા દરમિયાન લેવામાં આવશે.રાજ્યના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવનાને કારણે ઉમેદવારોની સલામતી અને પરીક્ષા વ્યવસ્થામાં કોઈ વિક્ષેપ ન પડે તે હેતુથી બંને પરીક્ષાઓની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાનું સત્તાવાર રીતે જણાવાયું છે.

ભારે વરસાદની આગાહી વચ્ચે જંતુનાશક દવા-ખાતરનો ઉપયોગ ટાળવા અનુરોધ

સુરત : ભારતીય હવામાન વિભાગ દ્વારા સુરત જિલ્લામાં તા. ૩૧ જુલાઈ તેમજ આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવતા જિલ્લા ખેતીવાડી અધિકારીએ ખેડૂતો અને APMC (એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ કમિટી)ના વેપારીઓને આગોતરી સાવચેતી રાખવા અનુરોધ કર્યો છે. ખેતીવાડી વિભાગે જણાવ્યું છે કે ભારે વરસાદ દરમિયાન જંતુનાશક દવાઓ અને ખાતરનો છંટકાવ કે ઉપયોગ ટાળવો જોઈએ. ખાતરનો જથ્થો વરસાદમાં પલળી ન જાય તે માટે તેને સુરક્ષિત અને સૂકી જગ્યાએ રાખવાની ખાસ કાળજી રાખવી. APMCમાં વેપારીઓ અને ખેડૂતોને અનાજ તથા અન્ય ખેતપેદાશોને તાડપત્રી અથવા શેડ નીચે સુરક્ષિત રાખવા તેમજ ભારે વરસાદ દરમિયાન શક્ય હોય ત્યાં સુધી વેચાણ માટે નવી પેદાશો લાવવાનું ટાળવા અથવા પૂરતી સુરક્ષા સાથે જ લાવવા સૂચના આપવામાં આવી છે.

પાનશેરીયાએ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમમાં સમીક્ષા કરી

નીચાણવાળા વિસ્તારોમાં સ્થળાંતર શરૂ ટેક્સટાઇલ-ડાયમંડ ઉદ્યોગોને કામગીરી સ્થગિત રાખવાની સૂચના

સુરતઃ ભારતીય હવામાન વિભાગ દ્વારા સુરત સહિત દક્ષિણ ગુજરાત માટે જાહેર કરાયેલા 'રેડ એલર્ટ'ને પગલે રાજ્ય સરકાર અને જિલ્લા પ્રશાસને સમગ્ર તંત્રને હાઈ એલર્ટ પર મૂક્યું છે. આ સ્થિતિની સમીક્ષા કરવા આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ શનિવારે સુરત જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની મુલાકાત લઈ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. જિલ્લા કલેક્ટર તેજસ પરમારે મંત્રીને વરસાદી સ્થિતિ, રાહત અને બચાવ કામગીરી, સંભવિત જોખમવાળા વિસ્તારો તેમજ કંટ્રોલ રૂમમાંથી કરવામાં આવી રહેલા સતત મોનિટરિંગ અંગે વિગતવાર માહિતી આપી હતી. રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વરસાદ પહેલાં જ જરૂરી તમામ આગોતરી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી હોવાનું પણ બેઠકમાં જણાવાયું હતું. મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે હવામાન વિભાગની આગાહી મુજબ ભારે વરસાદ સાથે પ્રતિ કલાક આશરે 30 કિલોમીટર સુધીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. આવી પરિસ્થિતિમાં દરેક નાગરિકે સાવચેતી રાખવી અત્યંત જરૂરી છે. તેમણે લોકોને આગામી 24 કલાક સુધી ઘર અથવા અન્ય સુરક્ષિત સ્થળે જ રહેવા, કોઈ અગત્યનું કામ ન હોય તો બહાર ન નીકળવા અને ખાસ કરીને નદી, ખાડી, તળાવ કે પાણી ભરાયેલા વિસ્તારોમાં જવાનું સંપૂર્ણપણે ટાળવા અનુરોધ કર્યો હતો. સાથે જ અગાઉ વરસાદમાં પાણી ભરાયેલા વિસ્તારો તેમજ વેલંજા સહિતના નીચાણવાળા વિસ્તારોમાંથી નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. નાગરિકોને પીવાનું પાણી, દૂધ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો ઓછામાં ઓછો 24 કલાકનો જથ્થો ઘરે રાખવાની પણ સલાહ આપવામાં આવી છે.

વીજળીનો જીવંત તાર ટેમ્પોને અડી જતાં 6 દાઝ્યા, 3 શ્રમજીવીનાં મોત

ગણદેવાના નહેર ફળિયામાં રહેતા શ્રમજીવીઓ લાકડાં કાપવા માટે ટેમ્પોમાં જઈ રહ્યા હતા

કોના કોના મોત થયા?

૧. કલ્પેશ અરુણભાઈ હળપતિ (ઉ.વ. ૨૭) ૨. નીતિનભાઈ વિનોદભાઈ હળપતિ (ઉ.વ. ૩૨) ૩. જીગરભાઈ નીતિનભાઈ હળપતિ (ઉ.વ. ૨૧) (તમામ રહે. નહેર ફળિયા, ગણદેવા, જી. નવસારી)

કોને કોને ઈજા થઈ?

૧. બાબુભાઈ મણીભાઈ હળપતિ (ઉ.વ. ૫૮ સુરત સિવિલમાં સારવાર હેઠળ) ૨. રમેશભાઈ ગુલાબભાઈ હળપતિ (ઉ.વ. ૫૦ ખારેલ હોસ્પિટલમાં સારવાર હેઠળ) ૩. મોહનભાઈ લલ્લુભાઈ હળપતિ (ઉ.વ. ૫૯ ખારેલ હોસ્પિટલમાં સારવાર હેઠળ)

ગણદેવી : ગણદેવી તાલુકાના પૂર્વપટ્ટીનાં ગણદેવા ગામના નહેર ફળિયાથી શુક્રવારે મજૂરીકામ અર્થે ટેમ્પોમાં નીકળેલા ૯ શ્રમજીવીઓ સાથે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. ગણદેવા ગામના હટવાડા ફળિયામાંથી પસાર થઈ રહેલા ટેમ્પાને વીજળીનો જીવંત તાર અડી ટેમ્પોમાં સવાર ૯ શ્રમજીવીઓ પૈકી ૩ યુવાનોના ઘટનાસ્થળે કરૂણ મોત નીપજ્યા છે. જ્યારે અન્ય ૩ શ્રમજીવીઓ ગંભીર રીતે દાઝી જતાં સારવાર હેઠળ છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ગણદેવા નહેર ફળિયામાં રહેતા આદિવાસી શ્રમજીવીઓ ટેમ્પોમાં (નં. GJ-21-W-6707) સવાર થઈને લાકડા કાપવાના કામે જવા નીકળ્યા હતા. ગણદેવા મીણકચ્છ ગામ જતા માર્ગ ઉપર હટવાડા ફળીયામાંથી છોટા હાથી ટેમ્પોના ચાલક મયુર રાજુભાઈ હળપતિ હંકારી રહ્યાં હતા. જ્યારે શ્રમજીવીઓ ટેમ્પોમાં ઉભા હતા. તે વેળા વીજપોલ ઉપર ઈન્સ્યુલેશન પિન તૂટી વાયર ટેમ્પોને અડી ગયો હતો.

ગુજરાતમાં જાહેર પરીક્ષાઓ વધુ પારદર્શક બનશેઃ CM

'યુવાનોનાં ભવિષ્ય સાથે હવે કોઈ સમાધાન નહીં'

જાહેર પરીક્ષા સુધારા કાયદાને સીએમ ભૂપેન્દ્ર પટેલનો આવકાર

ગાંધીનગરઃ જાહેર પરીક્ષાઓમાં પેપર લીક અને અન્ય ગેરરીતિઓ પર કાબૂ મેળવવા કેન્દ્ર સરકારે વધુ કડક કાનૂની માળખું તૈયાર કરતાં 'જાહેર પરીક્ષા ગેરરીતિ નિવારણ સુધારા વિધેયક-2026' સંસદમાં પસાર થઈ ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પસાર થયેલા આ સુધારા વિધેયકને દેશના કરોડો વિદ્યાર્થીઓના ભવિષ્યની સુરક્ષા માટેનું ઐતિહાસિક પગલું ગણાવી ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેનું સ્વાગત કર્યું છે. તેમણે જણાવ્યું કે નવા કાયદાથી પેપર લીક માફિયાઓ સામે વધુ આકરી કાર્યવાહી શક્ય બનશે અને પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતા તથા વિશ્વસનીયતા વધુ મજબૂત બનશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુવાનોના ભવિષ્ય સાથે કોઈપણ પ્રકારનું સમાધાન નહીં કરવાની જે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે, તેનું આ કાયદો જીવંત પ્રતિબિંબ છે. તેમણે કહ્યું કે નવા સુધારા હેઠળ પેપર લીક અને પરીક્ષામાં ગેરરીતિ કરનારાઓ સામે કડક સજા, આકરા આર્થિક દંડ, ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ઝડપી સુનાવણી તેમજ ટેકનોલોજી આધારિત સુરક્ષા વ્યવસ્થા જેવી મહત્વપૂર્ણ જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેના કારણે જાહેર પરીક્ષાઓ વધુ પારદર્શક, વિશ્વસનીય અને સુરક્ષિત બનશે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે દેશના યુવાનોને મેરિટના આધારે સમાન તક મળે અને તેમની મહેનતને યોગ્ય ન્યાય મળે તે માટે આ સુધારો અત્યંત મહત્વપૂર્ણ છે.

જુલાઈમાં જ સુરત જિલ્લામાં ચોમાસાનો 95% વરસાદ પૂર્ણ

અંબિકામાં 141% અને પલસાણામાં 133% વરસાદ નોંધાયો, સુરત શહેરમાં પણ સરેરાશ કરતાં વધુ 102% વરસાદ

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં આ વર્ષે ચોમાસાએ જુલાઈ મહિનામાં જ અસાધારણ જોર પકડતાં સમગ્ર સિઝનનો મોટા ભાગનો વરસાદ માત્ર એક જ મહિનામાં વરસી ગયો છે. જિલ્લાના વરસાદના આંકડા મુજબ 31 જુલાઈ સુધીમાં જ સમગ્ર જિલ્લાના સરેરાશ સિઝનના વરસાદના 95.14 ટકા જેટલો વરસાદ નોંધાઈ ચૂક્યો છે. હજુ અષાઢનો અડધો મહિનો તેમજ શ્રાવણ અને ભાદરવા સહિત ચોમાસાના લગભગ અઢી મહિના બાકી હોવાથી આ વર્ષે વરસાદના નવા રેકોર્ડ સર્જાય તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે.

જિલ્લામાં સમગ્ર ચોમાસાની સિઝન દરમિયાન સરેરાશ 59.61 ઈંચ વરસાદ નોંધાય છે, જ્યારે જુલાઈના અંત સુધીમાં જ 56.71 ઈંચ વરસાદ વરસી ગયો છે. તાલુકાવાર આંકડાઓમાં અંબિકા તાલુકો સૌથી આગળ રહ્યો છે, જ્યાં 91.81 ઈંચ વરસાદ સાથે સિઝનના સરેરાશનો 141.08 ટકા વરસાદ નોંધાયો છે. ત્યારબાદ પલસાણામાં 79.53 ઈંચ સાથે 133.59 ટકા, કામરેજમાં 65.55 ઈંચ સાથે 111.67 ટકા અને બારડોલીમાં 64.02 ઈંચ સાથે 107.61 ટકા વરસાદ નોંધાયો છે. સુરત શહેરમાં પણ સરેરાશ 56.33 ઈંચ સામે 57.60 ઈંચ વરસાદ નોંધાતાં શહેરે સિઝનના સરેરાશને પાછળ છોડી 102.26 ટકા વરસાદ નોંધાવ્યો છે. ઓલપાડમાં પણ 42.99 ઈંચ વરસાદ સાથે 101.58 ટકા વરસાદ નોંધાયો છે. બીજી તરફ ઉમરપાડામાં 78.11 ઈંચ વરસાદ છતાં ત્યાંનો સરેરાશ વધુ હોવાથી 98.71 ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે મહુવામાં 60.24 ઈંચ સાથે 92.56 ટકા વરસાદ થયો છે. માંગરોળમાં 73.67 ટકા, ચોર્યાસીમાં 62.08 ટકા, અરેઠમાં 55.88 ટકા અને માંડવીમાં માત્ર 53.25 ટકા વરસાદ નોંધાતાં આ તાલુકાઓ હજુ સરેરાશથી નીચે છે.જિલ્લાના વરસાદના આંકડાઓ દર્શાવે છે કે અંબિકા, પલસાણા, કામરેજ, બારડોલી, સુરત શહેર અને ઓલપાડ સહિત કુલ છ વિસ્તારમાં ચોમાસાની સમગ્ર સિઝનનો સરેરાશ વરસાદ જુલાઈમાં જ પૂર્ણ થઈ ગયો છે, જ્યારે ઉમરપાડા અને મહુવા પણ સરેરાશની નજીક પહોંચી ગયા છે. હજુ ચોમાસાનો લાંબો સમય બાકી હોવાથી જિલ્લામાં વરસાદના કુલ આંકડા ઐતિહાસિક સપાટીએ પહોંચે તેવી શક્યતા છે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

અંબિકામાં 12...

વરસાદ પડી ગયો હતો. નવસારી જિલ્લાના વાંસદામાં પણ 11 ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે આખા જિલ્લામાં સરેરાશ 4 ઈંચથી શરૂ કરીને 8 ઈંચ સુધી વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત ડાંગ જિલ્લામાં સરેરાશ 5થી 9 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. વલસાડ જિલ્લામાં પણ ધરમપુરમાં 8 ઈંચ વરસાદ પડ્યો હતો. જ્યારે અન્ય તાલુકાઓમાં ઓછો વરસાદ પડ્યો હતો. સુરત જિલ્લામાં ઉમરપાડા, માંગરોલ અને અંબિકા તાલુકાને બાદ કરતાં અન્ય તાલુકાઓમાં પણ સરેરાશ ચારથી આઠ ઈંચ સુધીનો વરસાદ પડતાં સુરત જિલ્લામાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા.

જો ઘટનાઓ જોવામાં આવે તો, નવસારીમાં કાવેરી નદીનું જળસ્તર વધતાં પ્રતાપનગર ગામના પારસી ફળિયા, નદી ફળિયા અને ટેકરા ફળિયાના આશરે 60 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. આ જિલ્લામાંથી 6984 લોકોને આશ્રયસ્થાનમાં ખસેડવામાં આવ્યા હતા. અગમચેતીના પગલાં રૂપે નવસારીના ઉભરાટ, દાંડી અને ચાંગલી ફળિયા બીચ બંધ રાખવામાં આવ્યા છે. ચીખલીમાં કાવેરી નદીએ ભયજનક સપાટી વટાવી દીધી છે. હાલ તે ૨૧ ફૂટે વહી રહી છે. ડાંગ જિલ્લાના સુબિર તાલુકા, ચીંચલી વિસ્તાર તેમજ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે અંબિકા, ખાપરી, પૂર્ણા, ગીરા અને ધોધડ નદીઓ બે કાંઠે વહેવા લાગી હતી. જેના કારણે 55 જેટલા કોઝવેકમ પુલો પાણીમાં ગરકાવ થઈ જતા 100થી વધુ ગામોનો જિલ્લા વહીવટી મથક સાથેનો માર્ગ સંપર્ક તૂટી ગયો હતો.જેના કારણે ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

વલસાડમાં કાશ્મીર નગર, વલસાડ પારડી, તરીયાવાડ, હનુમાન ભાગડા, કૈલાશ રોડ પર ફરી વળ્યા. પાણી ઉપરવાસમાં હજુ પણ મુશળધાર વરસાદ ચાલુ હોવાના અહેવાલ છે, જેના પરિણામે વલસાડના મુખ્ય કૈલાશ રોડ પર પાણી ફરી વળ્યા છે. માર્ગો પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ઠપ થઈ ગયો છે અને જનજીવન પ્રભાવિત થયું છે. તાપી જિલ્લામાંથી પસાર થતી અંબિકા, પૂર્ણા, ઓલણ, ઝાંખરી, મીંઢોળા સહિતની નદીઓ બે કાંઠે વહેતી થઈ હતી. તો વ્યારાના કોલેજ રોડ પર મિશન નાકા પાસે વરસાદી પાણી રસ્તા પર ફરી વળ્યું હતું. ડોલવણમાં સૌથી વધુ 7.8 ઈંચ વરસાદ નોંધાયો હતો. તાપી જિલ્લાના 129 માર્ગ સલામતી માટે બંધ કરાયા હતાં જ્યારે 1391 લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતાં. સુરત જિલ્લાના 97 માર્ગ સલામતિની દ્રષ્ટીએ બંધ કરવામાં આવ્યા હતાં.

સુરત જિલ્લાના અંબિકા, મહુવા અને બારડોલી તાલુકામાં શુક્રવારે ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. દિવસ દરમિયાન અંબિકામાં સૌથી વધુ 11.46 ઈંચ નોંધાયો હતો. બારડોલીમાં ખાડી અને મીંઢોળા નદીનું સ્તર વધતાં ડી.એમ.નગર, નાલંદા પાર્ક, રાજીવનગર જેવા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં. સાવચેતીના ભાગરૂપે રામજી મંદિર પાસેનો લો-લેવલ બ્રિજ અને બાબેન રેલવે ગરનાળું બંધ કરાયા હતા. માંડવી તાલુકામાં આમલી, કાકરાપાર, લાખી અને ઈસર ડેમ ઓવરફ્લો થતાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. અંકલેશ્વરમાં આમલાખાડીના પૂરના ધસમસતા પ્રવાહમાં તવેરા કાર તણાતાં પીરામણના રહીશ ફારૂકભાઈ અને મેહમુદભાઈએ પોતાના જીવની પરવા કર્યા વગર પાણીમાં ઝંપલાવી બે વ્યક્તિઓને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. વાગરાના કેશવાણ ગામે તળાવમાં નાહતી વખતે ડૂબી જતાં આધેડનું મોત થયું હતું.

લોકો નદી-નાળાં, દરિયા કાંઠાથી દૂર રહેઃ ડીડીઓ દેવેન્દ્ર પ્રકાશ મીણાની અપીલ

સુરતઃ બંગાળની ખાડીમાં સર્જાયેલા લો-ડિપ્રેશનને પગલે સુરત જિલ્લામાં ભારે વરસાદ અને તેજ પવનની આગાહી વચ્ચે જિલ્લા વિકાસ અધિકારી દેવેન્દ્ર પ્રકાશ મીણાએ નાગરિકોને સતર્ક રહેવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે એલર્ટ છે અને તમામ ટીમો પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે. તેમણે નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા, નીચાણવાળા વિસ્તારો, નદી-નાળા અને દરિયાકાંઠાથી દૂર રહેવા તેમજ સોશિયલ મીડિયા પરની અફવાઓથી સાવચેત રહી માત્ર જિલ્લા તંત્રની સત્તાવાર સૂચનાઓનું જ પાલન કરવા અનુરોધ કર્યો છે. કોઈપણ કટોકટીની સ્થિતિમાં જિલ્લા કંટ્રોલ રૂમનો તાત્કાલિક સંપર્ક કરવા પણ તેમણે અપીલ કરી છે.

હથનુરમાંથી 3.56...

હતો. ભુસાવલમાં 117 મીમી, સેલગાવમાં 112 મીમી, દુસખેડામાં 110 મીમી, દહીગાવમાં 107 મીમી, તલાસવાડામાં 106 મીમી, પીંપળીમાં 105 મીમી અને ચાંદપુરમાં 104 મીમી વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત હથનુરમાં 97 મીમી, દેડતલાઈમાં 94 મીમી, વેલદામાં 92 મીમી, અકોલામાં 81 મીમી, ગોપાલખેડામાં 75 મીમી, ચીકલધરામાં 74 મીમી સહિતના વિસ્તારોમાં પણ સારો વરસાદ વરસ્યો હતો. ઉપરવાસમાં સતત વરસી રહેલા વરસાદને કારણે હથનુર ડેમના તમામ 41 દરવાજા સંપૂર્ણપણે ખોલી દેવામાં આવ્યા છે. ડેમમાંથી એક સમયે 3.56 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું હતું, જેને સાંજના સમયે ઘટાડીને 2.56 લાખ ક્યુસેક કરવામાં આવ્યું હતું. બીજી તરફ પ્રકાશા ડેમના 20 દરવાજા પણ સંપૂર્ણ ખોલીને 1.43 લાખ ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. આ બંને ડેમમાંથી છોડવામાં આવતું પાણી આગામી કલાકોમાં ઉકાઈ ડેમમાં પહોંચતાં પાણીની આવકમાં વધુ વધારો થવાની શક્યતા છે.

આજથી રૂલ લેવલ વધીને 335 ફુટ

ઉલ્લેખનીય છે કે 1 ઓગસ્ટથી ઉકાઈ ડેમનું રૂલ લેવલ 333 ફૂટથી વધારીને 335 ફૂટ કરવામાં આવશે. ઉપરવાસમાં વરસાદની સ્થિતિ અને વધતી જળ આવકને ધ્યાનમાં રાખીને જળસંપત્તિ વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જો વરસાદનું જોર યથાવત રહેશે તો આગામી દિવસોમાં ડેમના સંચાલનને લઈને વધુ મહત્વના નિર્ણયો લેવામાં આવી શકે છે.

ઉપરવાસમાં ભારે...

દુસખેડા	110 મીમી
દહીગાવ	107 મીમી
તલાસવાડા	106 મીમી
પીંપળી	105 મીમી
ચાંદપુર	104 મીમી

આકાશે ભારે...

વેપારીઓના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત્ રહેવાની શક્યતા હોવાથી ભાવોમાં વધુ વધારો થવાની સંભાવના નકારી શકાય તેમ નથી.

સુરત એપીએમસીના ડિરેક્ટર બાબુભાઈ શેખે જણાવ્યું હતું કે, સતત વરસાદને કારણે ખેતરોમાં લાંબા સમય સુધી પાણી ભરાઈ રહેતાં શાકભાજીના પાક ટકી શક્યા નથી. પરિણામે બજારમાં આવકમાં મોટો ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને તુવેર, ગુવાર, આદુ, લીલા મરચાં, પરવળ, ટીંગણ, દૂધી, ગિલોળા, લીંબુ અને સુકા લસણ જેવી આવશ્યક શાકભાજીની અછત સર્જાઈ છે.

ભારે વરસાદને કારણે ગુજરાત અને મહારાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ છે. રસ્તાઓ પર પાણી ભરાવા અને કાદવના કારણે ખેતરો સુધી વાહનો પહોંચવામાં મુશ્કેલી પડી રહી છે. બચેલી શાકભાજીને ખેતરમાંથી બહાર કાઢવા, તેનું પેકિંગ કરવા અને ટ્રકોમાં લોડિંગ કરવાની પ્રક્રિયા પણ અત્યંત મુશ્કેલ બની ગઈ છે. તેના કારણે બજારો સુધી સમયસર માલ પહોંચતો નથી અને પુરવઠા પર વધુ અસર પડી રહી છે. હાલની સ્થિતિમાં માંગની સરખામણીએ આવક ઓછી હોવાથી બજારમાં ભાવ સતત ઊંચા રહી રહ્યા છે.

રોજિંદા ઉપયોગની અનેક શાકભાજી મોંઘી બનતાં સામાન્ય ગ્રાહકોના ઘરખર્ચનું બજેટ ખોરવાઈ ગયું છે. ગૃહિણીઓ પણ જરૂરી શાકભાજીની ખરીદી કરતી વખતે ભાવ સાંભળીને મૂંઝવણમાં મુકાઈ રહી છે. જો આગાહી મુજબ વરસાદ ચાલુ રહેશે તો ખેતરોમાં ઉભેલા બાકીના પાકને પણ મોટું નુકસાન થવાની શક્યતા છે. જેના કારણે શાકભાજીની આવકમાં વધુ ઘટાડો થશે અને બજારમાં ભાવ હજુ વધુ ઊંચા જવાની પૂરી સંભાવના છે.

સુરત જિલ્લામાં ૧૧૧૭ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર

નદી કાંઠા અને નીચાણવાળા ગામોના લોકોને શાળાઓ, કમ્યુનિટી હોલ અને શેલ્ટર હોમમાં ખસેડાયા

સુરતઃ સુરત જિલ્લામાં શનિવારે સવારથી જ ભારે વરસાદને પગલે અનેક તાલુકાઓમાં ત્રણ ઈંચથી લઈને દસ ઈંચ સુધી વરસાદ નોંધાતા નીચાણવાળા અને પૂરગ્રસ્ત વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્રે તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી. તેના ભાગરૂપે સાંજના ૪.૦૦ વાગ્યા સુધીમાં જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાંથી કુલ ૧૧૧૭ ગ્રામ્યજનોનું સુરક્ષિત રીતે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નદીકાંઠા, નીચાણવાળા અને પાણીથી ઘેરાઈ જવાની સંભાવના ધરાવતા ગામોમાં સતત મોનીટરિંગ કરવામાં આવી રહ્યું છે. સ્થાનિક ગ્રામ પંચાયતો, તાલુકા વહીવટીતંત્ર, પોલીસ, મહેસૂલ અને અન્ય વિભાગોના સંકલનથી લોકોને સમયસર સલામત સ્થળોએ પહોંચાડવામાં આવ્યા હતા. કેટલાક પરિવારોને તેમના સગા-સંબંધીઓના ઘરે મોકલવામાં આવ્યા હતા, જ્યારે અન્ય લોકોને સરકારી પ્રાથમિક શાળાઓ, કમ્યુનિટી હોલ અને શેલ્ટર હોમમાં આશ્રય અપાયો હતો. તાલુકાવાર જોવામાં આવે તો માંગરોળ તાલુકામાં સૌથી વધુ ૩૨૧ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. વસરાવી, લુવારા, હરણગામ, વાંકલ, ભીલવાડા, ખરેડા, બોરીયા, શાહ અને અંબાવાડી સહિતના ગામોમાંથી લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. માંડવી તાલુકામાં ૨૭૬ લોકો, બોરી, ગોડસંબા, ઈસર અને લાડકુવા ગામોમાંથી સ્થળાંતરિત કરાયા હતા. અંબિકા તાલુકાના મહુવરીયા, ઉમરા, ભોરીયા અને તરકારી ગામોમાંથી ૧૫૧ લોકો, જ્યારે ઓલપાડ તાલુકાના કીમ, કંટાસણ, મિર્ઝાપુર, વડદ, અંટોલી, ટકારા અને ઓલપાડ ગ્રુપ વિસ્તારના ૯૯ લોકોને પ્રાથમિક શાળાઓ અને કમ્યુનિટી હોલમાં ખસેડવામાં આવ્યા હતા. તે ઉપરાંત અરેઠ તાલુકાના ટુકેદ, પાતલ, બોરીગાળા અને પરવાટ ગામોમાંથી ૭૬ લોકો, બારડોલી તાલુકાના કડોદ અને અસ્તાન સહિતના વિસ્તારોમાંથી ૪૦ લોકો, ચોર્યાસી તાલુકાના સેગવા સહિતના વિસ્તારોમાંથી ૪૦ લોકો તેમજ કામરેજ તાલુકાના ચીખલી ગામમાંથી ૩૪ લોકોનું સ્થળ